દિવ્ય ભાસ્કર
અમદાવાદ-સિટીભાસ્કર
11-07-2026

# ઉત્તરાખંડના ટનલ રેસ્ક્યૂ મિશન પર 'સિલક્યારા 41' બનશે



ઉત્તરાખંડના સિલક્યારા ટનલ રેસ્ક્યૂની સચ્ચાઈ અને પ્રેરણાદાયી વાર્તા હવે મોટા પડદા પર જોવા મળશે. આમિર ખાન પ્રોડક્શન્સ, ઓસ્ટ્રેલિયાની માઈન્ડ બ્લોઈંગ ફિલ્મ્સ અને કબીર ખાન ફિલ્મ્સે મળીને નવી ફિલ્મ 'સિલક્યારા 41' બનાવવાની એનાઉન્સમેન્ટ કરી છે. આ ફિલ્મ વર્ષ 2023માં થયેલા ઐતિહાસિક રેસ્ક્યૂ ઓપરેશન પર આધારિત હશે, જેમાં ટનલમાં 17 દિવસ સુધી ફસાયેલા 41 મજૂરોને સુરક્ષિત રીતે બહાર કઢાયા હતા. આ રેસ્ક્યૂ મિશને સમગ્ર વિશ્વનું ધ્યાન પોતાની તરફ ખેંચ્યું હતું. ફિલ્મમાં ઓસ્ટ્રેલિયાના ટનલ એક્સપર્ટ પ્રોફેસર આર્નોલ્ડ ડિક્સની મહત્વની ભૂમિકા દર્શાવાશે. આ મિશનમાં મહત્ત્વપૂર્ણ સલાહ આપીને સમગ્ર રેસ્ક્યૂ ઓપરેશનને સફળ બનાવવામાં યોગદાન આપ્યું હતું.

## ઓસ્ટ્રેલિયાના લેખક એન્ડ્રૂ અનાસ્તાસિઓસે લખી છે, ડિરેક્શન કબીર ખાન કરશે

## વાર્તાથી પ્રભાવિત થઈ આમિરે કહ્યું, 'આ તો એક સાહસની મિસાલ છે'

આમિર ખાને જણાવ્યું કે, સિલક્યારા રેસ્ક્યૂની વાર્તાએ તેમને ખૂબ પ્રભાવિત કર્યા છે. તેમના જણાવ્યા મુજબ, 'આ માત્ર એક અકસ્માતની સ્ટોરી નથી, પરંતુ હિંમત, ધીરજ, આશા અને માનવતાની અનોખી મિસાલ છે. તેમણે કહ્યું કે, આવી સ્ટોરીને મોટા પડદા પર રજૂ કરવાની તક મળવી તેમના માટે ગૌરવની વાત છે. ફિલ્મની સ્ટારકાસ્ટ અંગે હજુ સુધી કોઈ સત્તાવાર એનાઉન્સમેન્ટ કરવામાં આવી નથી.'